PHONES

PATAN : 220228, 230068

(MO) : 9428518890, 9624630066-68-99

E-mail : dptco123@gmail.com

Website: dpthakker.com

# D.P.THAKKER & CO

ESTD DPT 1956

TAX CONSULTANTS

"SHREEKUNJ", STATION ROAD,

PATAN (N.G) 384265

તારીખ: ૩૧/૧૦/૨૦૧૯

## GSTR 2A તથા તેના ૨૦% થી વધારે રકમની GST ક્રેડીટ મળી શકે નહીં

વેપારીમીત્રો,

(૧) તાજેતરમાં GST કાયદામાં કરવામાં આવેલ સુધારા મુજબ હવે ઓક્ટોબર -૨૦૧૯ નું જે 3B રીટર્ન ભરવામાં આવશે તેમાં તમે જે ખરીદી કરેલ હશે અને તેના ખરીદ બીલોમાં જે GST ચાર્જ કરેલ હશે તે બધા ટેક્ષ ની ક્રેડીટ રીટર્નમાં તો જ માંગી શકાશે જો તમારા GSTR 2A માં તે બધા GST ની ક્રેડીટ આવી ગયેલ હોય. તેમાં એક છુટછાટ એવી આપેલ છે કે તમામ ખરીદીના GST ની ક્રેડીટ GSTR 2A માં આવતી ન હોય તો જેટલી ક્રેડીટ GSTR 2A માં આવેલ હોય તે રકમ તથા તેના ૨૦% મુજબની વધારાની રકમની ક્રેડીટ 3B રીટર્ન ભરતી વખતે માંગી શકાશે. દા.ત. :-

- ઓક્ટોબર માસમાં કરેલ કુલ ખરીદીની બીલો મુજબ ક્રેડીટ ... ૩,૦૦,૦૦૦/-
- GSTR 2A માં બતાવતી ક્રેડીટ ... ૨,૦૦,૦૦૦/-
- GSTR 2A માં ન બતાવતી ક્રેડીટ ... ૧,૦૦,૦૦૦/-

ઉપરના કેસમાં રૂ. ૧,૦૦,૦૦૦/- ની ક્રેડીટ GSTR 2A માં આવતી નથી. પરંતુ જે ક્રેડીટ આવે છે તેના ૨૦% રકમ એટલે કે રૂ. ૨,૦૦,૦૦૦/- ના ૨૦% = રૂ. ૪૦,૦૦૦/- ની ક્રેડીટ વધુ માંગી શકાય એટલે કે કુલ રૂ. ૨,૦૦,૦૦૦ + ૪૦,૦૦૦ = રૂ. ૨,૪૦,૦૦૦/- ની ક્રેડીટ 3B રીટર્ન માં માંગી શકાશે.

(૨) હવે જે રૂ. ૧,૦૦,૦૦૦/- ની ક્રેડીટ GSTR 2A માં નથી દેખાતી તે વર્ષ દરમ્યાન પછીના મહિનાઓમાં જો આવે તો તે મહિનામાં તે ક્રેડીટ માંગી શકાય

(૩) જો 3B રીટર્ન માં GSTR 2A માં આવતી ન હોય તેવી ક્રેડીટ GSTR 2A માં આવેલ ક્રેડીટ ના ૨૦% કરતા વધારે માંગવામાં આવશે તો આવી વધારે માંગેલ રકમ ઉપર ૨૪% પ્રમાણે વ્યાજ તથા પેનલ્ટી ભરવા પડે.

અહીં એક પ્રશ્ન એ ઉભો થાય કે સામેના વેપારી ત્રિમાસિક રીટર્ન ભરતા હોય તો તે વેપારી ત્રણ મહિને GSTR -1 અપલોડ કરતા હોય જેના લીધે તેમણે જે વેપારીઓને માલ વેચેલ હોય તેના કેસમાં તેના GSTR 2A માં આવી ક્રેડીટ જે તે મહિનામાં નહીં આવે પણ ત્રણ મહિનાના અંતે આવશે એટલે આવા વેપારી જો માસિક રીટર્ન ભરતા હોય તો તેમણે શું કરવાનું?

કુશળ હશો

લી.

કનુભાઈ-પિયુષભાઈ-નિખિલભાઈ